ખૂબ જ અગત્યનું / સમય મર્યાદિત

ફક્ત સુરત શહેરની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે જ

# જિલ્લા નાયબ નિયામક (વિકસતી જાતિ) ની કચેરી

## જિલ્લા સેવા સદન, જૂની કોર્ટ બિલ્ડિંગમાં, બહુમાળી ભવન કેમ્પસ, નાનપુરા, સુરત.

ફોન : ૦૨૬૧-૨૪૬૦૬૯૮ e-mail : d.dirsurat@gmail.com

નં. જિનાનિ/વિ.જા./જાતિ પ્રમાણપત્ર/૨૦૨૧-૨૨/૭૪૪ થી ૭૯૩ તારીખ : ૨૫/૦૭/૨૦૨૨

વિષય : શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ માં સુરત શહેરની તમામ શાળાઓમાં ધોરણ ૯, ૧૦ અને ૧૨ માં અભ્યાસ કરતાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને શાળા મારફત જાતિ પ્રમાણપત્ર આપવા બાબત.

સંદર્ભ:- વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગુ.રા., ગાંધીનગરનો પરિપત્ર ક્રમાંક:-વિજાક/જન/જાપ્ર.૫/૨૦૨૨-૨૩/૬૯૩ તા. ૧૫/૦૭/૨૨

આથી સુરત શહેરની ગુજરાત બોર્ડ અને સેન્ટ્રલ બોર્ડની તમામ શાળાઓના આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે **શાળા મારફત** જાતિ પ્રમાણપત્ર માટે

૧. સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા. ૨૦/૦૪/૨૦૧૦ ના ઠરાવની જોગવાઈ પ્રમાણે ચાલુ વર્ષ ૨૦૨૨-૨૩ માં ધોરણ ૧૦ અને ૧૨ માં અભ્યાસ કરતાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને શાળા મારફત જાતિ પ્રમાણપત્ર આપવામા આવે છે, **પરંતુ સંદર્ભ-૧ ના પત્રથી ચાલુ વર્ષે ધોરણ ૯ ના વિધાર્થીઓને પણ જાતિ પ્રમાણપત્ર શાળા મારફત આપવાના હોવાથી** ધોરણ ૯, ૧૦ અને ૧૨ માં અભ્યાસ કરતાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને તા.૩૦/૦૯/૨૦૨૨ સુધીમા સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગુ.રા. ગાંધીનગર તરફથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની સામેલ યાદી મુજબની ૧૪૬ જાતિઓ માટે જાતિ પ્રમાણપત્ર આપી દેવા જણાવેલ છે. જેમા

૨. ગત વર્ષે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની જાતિઓ માટે જાતિ પ્રમાણપત્ર આપવાની કામગીરી તમામ શાળાઓના આચાર્યશ્રીઓ, શિક્ષકગણ અને બિનશૈક્ષણિક કર્મચારીઓના સહકારથી કામગીરી પુર્ણ કરવામા આવેલ છે. આમ ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓને વર્ષ ૨૦૨૧-૨૨ માં જાતિ પ્રમાણપત્ર આપી દેવામાં આવેલ છે. સરકારશ્રીનો આ યોજના પાછળનો આશય એ જ છે કે વિદ્યાર્થીના પિતા/વાલીએ કે વિદ્યાર્થીએ જાતિ પ્રમાણપત્ર મેળવવા માટે એક કચેરીથી બીજી કચેરીએ ધક્કા ખાવા ન પડે અને વહીવટી તંત્ર ઉપર બોજ ન પડે તેમજ પ્રમાણપત્રની જરૂરીયાતના સમયે પ્રમાણપત્ર મેળવવા ધક્કા ખાવા ન પડે.

૩. સંદર્ભના પરિપત્રથી જાતિ પ્રમાણપત્રો તૈયાર કરી સબંધિત શાળાઓને પહોંચાડવાની કામગીરી આયોજન મુજબ સમયમર્યાદામા તા. ૩૦/૦૯/૨૦૨૨ સુધીમા પુરી કરવા તથા તે કક્ષાએ કરવામા આવેલ કામગીરી અંગેની માહિતી સમયાંતરે સરકારશ્રીમા રજૂ કરવાની હોઇ સમયમર્યાદામા કામગીરી પૂર્ણ કરવા સુરત શહેરની તમામ શાળાઓના આચાર્યશ્રીઓને ખાસ તાકીદ કરવામા આવે છે.

**દરખાસ્તો તૈયાર કરતી વખતે નીચેની સૂચના ખાસ ધ્યાને લેવા વિનંતી**

**( સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ )**

**⇨ અરજી પત્રક બાબતે**

૧. નિયત અરજી પત્રક પરિશિષ્ટ-૧ વિદ્યાર્થી / તેના પિતા / વાલી પાસે તૈયાર કરાવવાનું છે. શક્ય છે કે ઘણા વાલીઓ આ અરજી પત્રક ભરવા સક્ષમ નહિ પણ હોય, આવા સંજોગોમાં શાળાના આચાર્યશ્રીઓને ખાસ વિનંતી છે કે તેમની શાળાના શિક્ષકો આ અરજી પત્રકો તૈયાર કરાવવામાં વિદ્યાર્થી/વાલીને માર્ગદર્શક બની રહે અને અરજી પત્રક ભરવામાં મદદરૂપ થાય એવી અપેક્ષા સેવવામાં આવે છે. શિક્ષકગણ પોતાના વિદ્યાર્થીઓનું હિત સારી રીતે સમજી શકે છે એટલા માટે જ આ કામગીરીમાં તેમનું માર્ગદર્શન અને મદદગારી બંને જરૂરી છે.

૨. અરજી પત્રકમાં તમામ કોલમો ભરવામાં આવે તેમાં પાનાં નં.-૨ ઉપર બાહેંધરીની નીચે અરજદાર એ કે વિદ્યાર્થિની પૂરી સહી થાય અને તેના પિતા / માતા / વાલીની સહી થાય તેમજ સ્થળ અને તારીખ દર્શાવવી જરૂ છે.

૩. અરજી પત્રક સાથે વિદ્યાર્થી જે શાળામાં ભણતો હોય તે શાળાએ બોનાફાઇડ સર્ટીમાં વિદ્યાર્થીનું પૂરું નામ, જન્મ તારીખ, જન્મ સ્થળ, જનરલ રજીસ્ટર નંબર અને જનરલ રજીસ્ટર મુજબ જાતિ અને ધર્મ દર્શાવવાનો છે. તેમાં નીચે આચાર્યશ્રીના સહી અને સિક્કા તેમજ ઇસ્યુ કર્યા તારીખ હોવી જરૂરી છે.

૪. વિદ્યાર્થીઓના જાતિ અંગેના આધાર ઉપરાંત તેના પિતાના શાળા છોડયાના પ્રમાણપત્રમાં જાતિ સ્પષ્ટ થતી હોય તેવા શાળા છોડયાના પ્રમાણપત્ર અથવા જાતિ પુરવાર થતી હોય તેવા PROBATIVE VALUE ધરાવતા શાળાના આચાર્યાશ્રીએ પ્રમાણિત કરેલ આધારો / પુરાવાઓની નકલ રજૂ કરવાની છે. જો પિતાના પ્રમાણપત્રમાં જાતિ સ્પષ્ટ લખાયેલ ન હોય તો કાકા, દાદા, ફોઇ પૈકી કોઈપણ એકના ૦૧/૦૪/૧૯૭૮ પહેલા જાતિ સ્પષ્ટ લખેલ હોય તેવા શાળા છોડયાના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ અથવા તેમની જાતિ સ્પષ્ટ થતી હોય તેવા તા. ૦૧/૦૪/૧૯૭૮ પહેલાના જન્મ ધરાવતા દસ્તાવેજી પુરાવા રજૂ કરવાના રહેશે.

૫. અરજીપત્રક સાથે વિદ્યાર્થીના પિતા/દાદા સુરત જિલ્લામાં વસવાટ કરે છે તે અંગેના આધાર રૂપે રેશનકાર્ડ/ચૂંટણીકાર્ડ/લાઇટબીલ/વેરાબીલ/ટેલિફોન બિલ પૈકી કોઈપણ એકની પ્રમાણિત નકલ રજૂ કરવાની રહેશે. (અરજીમાં દર્શાવેલ સરનામા મુજબ)

૬. અન્ય રાજયમાથી સ્થળાંતરીત ઉમેદવારના કિસ્સામાં તેમના પિતા/દાદા તા. ૦૧/૦૪/૧૯૭૮ કે તે પહેલાથી ગુજરાત રાજયમાં કાયમી વસવાટ કરતાં હોય તે અંગેના સરકારી રેકર્ડ આધારિત તા. ૦૧/૦૪/૧૯૭૮ પહેલાના કાયમી વસવાટના રેવન્યુ રેકર્ડ આધારિત પુરાવા રજૂ કરવાના રહેશે. અરજી પત્રક (પરિશિષ્ટ-૧) ના ક્રમ નં.-૭ માં તેમના વસવાટનું મૂળ રાજ્ય તેમજ ગુજરાતમાં કેટલા વખતથી વસવાટ કરે છે. તેની વિગતો રજૂ કરવાની રહે છે. વિદ્યાર્થીનો જન્મ સુરતમાં થવાથી તેઓ મૂળ ગુજરાતનાં વતની બની જતાં નથી. તે જ રીતે અરજી પત્રકના ક્રમ નંબર ૬ માં અરજદારના પિતાનું જન્મ સ્થળ અને મૂળ વતન અવશ્ય દર્શાવવું.

૭. આ તમામ વિગતો અરજી પત્રક સાથે જોડાયેલી હોવી જરૂરી છે. તે **પૈકી ઝેરોક્ષ નકલો શાળાના આચાર્યશ્રી દ્વારા પ્રમાણિત થયેલી હોવી જરૂરી છે.** અરજી પત્રકમાં ઉપર જમણી બાજુએ ફોટાની જગ્યા રાખેલ છે. ત્યાં વિદ્યાર્થીનો પાસપોર્ટ સાઈઝ નો તાજેતરનો પડાવેલ ફોટો લગાવવાનો છે અને તે ફોટા શાળાના આચાર્યશ્રીની સહી/સિક્કાથી પ્રમાણિત કરવાનો છે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનો પ્રમાણપત્ર ઓનલાઇન આપવાનુ હોવાથી જાતિ પ્રમાણપત્ર તૈયાર કરવાના નથી.

**૮. સુરત શહેરની તમામ શાળાઓની માહિતીની એકસુત્રતા જળવાઇ રહે તે માટે દરખાસ્ત પત્રક Excel Sheet માં બનાવવા એક વિદ્યાર્થિની માહિતી Excel Sheet માં એક જ લાઇન માં શ્રુતિ (Shruti) ગુજરાતી ફોંટમાં તૈયાર કરવાની રહેશે. એક વિદ્યાર્થીની માહિતી માટે એકથી વધુ લાઇનનો ઉપયોગ કરવો નહીં. દરખાસ્ત પત્રકની સોફ્ટ કોપી સી.ડી. અથવા પેન ડ્રાઈવમાં તૈયાર કરીને લાવવાની રહેશે.**

૯. વિદ્યાર્થીના બોનોફાઇડમાં અને પિતા/વાલીના રજૂ કરેલ શાળા છોડયાના પ્રમાણપત્રમાં અટક અલગ અલગ હોય ત્યારે બંને અટક અમો ધારણ કરીએ છીએ તેવું વિગતવાર સોગંદનામું ફરજિયાત લેવું.

૧૦. વિદ્યાર્થીના બોનોફાઇડમાં અને પિતા/વાલીના રજૂ કરેલ શાળા છોડયાના પ્રમાણપત્રમાં પિતા/વાલીનું નામ અલગ અલગ હોય ત્યારે નામફેર અંગેનું સરકારી ગેઝેટની નકલ મેળવવી ફરજિયાત છે.

૧૧. તમામ અરજી ફોર્મ ફાઇલમાં દરખાસ્તના ક્રમાનુસાર ગોઠવીને વ્યવસ્થિત ફાઇલ કરી ફાઇલ પર શાળાનું નામ, તૈયાર કરનાર કર્મચારીનું નામ અને મોબાઈલ નંબર દર્શાવવાનો રહેશે.

૧૨. નિયત થયેલ કેમ્પની તારીખે જે શાળા/સંસ્થા મારફત વિદ્યાર્થીઓના જાતિ પ્રમાણપત્ર મેળવવા અંગેની ફાઇલ જમા કરાવવામાં નહિ આવે અને જાતિ પ્રમાણપત્ર બાબતે ભવિષ્યમાં જે કંઇ પ્રશ્નો ઉપસ્થિત થશે તે અંગેની તમામ જવાબદારી સંબંધિત શાળા/સંસ્થાના આચાર્યશ્રીની રહેશે. જેની ખાસ નોંધ લેવા વિનંતી.

જાતિ પ્રમાણપત્ર તૈયાર કરવા બાબતે

સૌપ્રથમ તો એ જોઈ લેવું કે વિદ્યાર્થિની જાતિ / જ્ઞાતિનો સમાવેશ આ સાથે સામેલ પરિશિષ્ટ-૩ મુજબની સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની ૧૪૬ યાદીમાં થાય છે કે કેમ ? જો સમાવેશ થતો હોય તો તેમની જ દરખાસ્ત તૈયાર કરવી. જાતિની યાદીમાં દર્શાવ્યા મુજબ જ જાતિ લખવી. દા.ત. વિદ્યાર્થીના જનરલ રજીસ્ટરમાં કોળી પટેલ લખાયેલ હોય તો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની યાદીમાં ક્રમ નં-૩૯ મુજબ માત્ર કોળી લખવું, વિદ્યાર્થીના જનરલ રજીસ્ટરમાં / પિતાના એલ.સી.માં તળપદા કોળી, ચૂવાળિયા કોળી લખાયેલ હોય તો ક્રમ નં.-૧૬ મુજબ તળપદા કોળી/ચૂવાળિયા કોળી લખવું. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની યાદીમાં જે શબ્દ વપરાયા હોય તે જ શબ્દો લખવા, એ જ રીતે ગોલા રાણા, મોઢ ઘાંચી, પ્રજાપતિ / કુંભાર, કડિયા વગેરે જ્ઞાતિઓમા પણ કાળજી લેવી. વિદ્યાર્થીના જનરલ રજીસ્ટરમાં માત્ર રાણા લખાયું હોય તો પિતાનો આધાર મેળવીને ગોલા રાણા દર્શાવવું. ઉપરાંત મોઢ ઘાંચીમાં વિદ્યાર્થી/પિતામાં ઘાંચી, અમદાવાદી ઘાંચી, સુરતી ઘાંચી, મોઢ વણિક ઘાંચી લખાયેલું હોય તો પણ મોઢ ઘાંચી લખીને દરખાસ્ત તૈયાર કરવી. ક્રમ નં. ૯૯ ઉપર કુંભાર જાતિ અને તેની પેટા જાતિઓ દર્શાવેલ છે. ઘણા કિસ્સામાં વિદ્યાર્થી/પિતામાં કુંભાર-પ્રજાપતિ અથવા પ્રજાપતિ-કુંભાર લખાયેલું હોય છે. આવા કિસ્સા માં જે જાતિનુ પ્રમાણપત્ર લેવુ હોય તે જાતિનું સોગંદનામું મેળવીને ફક્ત કુંભાર અથવા પ્રજાપતિ લખવું. જો એમના આધારમાં વાટલીયા કુંભાર / સોરઠિયા પ્રજાપતિ/ વાટલીયા પ્રજાપતિ લખાયેલું હોય તો એ જ શબ્દો જાતિ પ્રમાણપત્રમાં લખવા. આવું જ ગુર્જર ક્ષત્રિય કડિયા/ કડિયા /કડિયા કુંભારમાં અનુસરવું. માત્ર ગુર્જર ક્ષત્રિય લખાયેલું હોય તો જાતિ પ્રમાણપત્ર તૈયાર કરવું નહીં. ક્રમ નં. ૧૪૦ કાયસ્થ અને ક્રમ નં.૧૪૪ રાજગોર જાતિના કિસ્સામાં અરજી પત્રક સાથે તેમના પિતાનો, વિદ્યાર્થીનો સમાવેશ પંચની સર્વે અંગેની યાદીમાં થયેલ હોય તે અંગેનું પ્રમાણપત્ર અન્ય પછાત વર્ગો માટેનું પંચ-બંગલા નં.-૨૨૮-એ, ખ-ટાઈપ, સેક્ટર-૧૯ ગાંધીનગર ખાતેથી મેળવીને અસલમા રજૂ કરવાનું રહેશે. જો અન્ય પછાત વર્ગો માટેનું પંચનુ આવું પ્રમાણપત્ર ન હોય તો કાયસ્થ અને રાજગોરની દરખાસ્ત રજૂ કરવી નહીં. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ પૈકી મુસ્લિમ ધર્મ વાળી જ્ઞાતિઓના કિસ્સામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની યાદીમાં દર્શાવ્યા મુજબ જ જ્ઞાતિ લખવી.
દા.ત. ક્રમ નં.-૨૧ ફકીર-મુસ્લિમ, ગધઈ-મુસ્લિમ, ક્રમ નં.-૨૪ ગળિયારા-મુસ્લિમ દરખાસ્તો તૈયાર કરતી વખતે પણ સૂચનાઓ ખાસ ધ્યાને લેવા જણાવવામાં આવે છે.

જાતિ પ્રમાણપત્ર દરખાસ્ત ફાઇલ બાબતે.

આ રીતે તૈયાર કરેલ દરખાસ્તો પરિશિષ્ટ-૫ (પરિપત્ર સાથે રજૂ Excel ફાઇલમાં નમૂનો સામેલ છે) મુજબ સાશૈપવ જાતિની દરખાસ્તમાં દર્શાવેલ વિદ્યાર્થીના અરજી ફોર્મ ક્રમાનુસાર ગોઠવીને વ્યવસ્થિત રીતે ફાઇલિંગ કરીને ફાઇલ આ કામગીરીના જાણકાર કર્મચારી સાથે કેમ્પમાં રૂબરૂ માં રજૂ કરવી. જે શાળામાં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત જાતિનુ જાતિ પ્રમાણપત્ર મેળવવા પાત્ર એકપણ વિદ્યાર્થી ન હોય તે શાળાઓએ તાત્કાલીક નીલ-રિપોર્ટ આ કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે.

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્ર મેળવવા પાત્ર તમામ વિદ્યાર્થીઓના અરજી પત્રકો મેળવી લઈને તેમની દરખાસ્ત આ સાથે સામેલ પરિશિષ્ટ-૫ મુજબ એકંદર પત્રકમાં તૈયાર કરીને રજૂ કરવી. દરખાસ્તમાં અંતે પ્રમાણપત્રની નીચે આચાર્યશ્રીના સહી / સિક્કા હોવા જરૂરી છે. તેમાં ક્લાર્ક કે અન્ય કોઈ વ્યક્તિએ સહી કરવાની નથી.

ચાલુ વર્ષે પણ આપનો સહકાર મળી રહેશે. આ અપેક્ષા સહ.

(ડૉ. ડી.આર. દરજી)
જિલ્લા શિક્ષણાધિકારી
સુરત

(આર.ડી.બલદાણીયા)
જિલ્લા નાયબ નિયામક
(વિકસતી જાતિ) સુરત

બિડાણ : ૧. સા.શૈ.પ.વ. જાતિ પ્રમાણપત્રનો નમૂનો

૨. પ્રમાણપત્ર તૈયાર કરવા સૂચના અને માહિતીની Excel File. જાતિની યાદી સાથે

૩. સા.શૈ.પ.વ. જાતિના પ્રમાણપત્ર મેળવવા માટેનું ફોર્મ

નકલ સવિનય રવાના :

૧. મે.નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ ખાતું ગુ.રા. ગાંધીનગર તરફ જાણ સારું

૨. મે.કલેક્ટરશ્રી સુરત તરફ જાણ સારું

૩. મે.જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત તરફ સુરત શહેરની તમામ શાળાઓને સૂચના આપવા સારું તેમજ વેબસાઇટ પર મૂકવા સારું

૪. આચાર્યશ્રી, તમામ સુરત શહેરની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારું અને શાળાના નોટિસ બોર્ડ પર મૂકવા સારું.

૫. આદેશ ફાઇલે

વંચાણમાં લીધા:-

૧.અત્રેની કચેરીનો પરિપત્ર ક્રમાંક:-જિનાનિ/વિ.જા./જાતિ પ્રમાણપત્ર/૨૦૨૨-૨૩/૭૪૪ થી ૭૯૩ તા.૨૦/૦૭/૨૦૨૨


જિલ્લા નાયબ નિયામક (વિકસતી જાતિ)ની કચેરી

જિલ્લા સેવા સદન, જુની કોર્ટ બિલ્ડીંગમાં,બહુમાળી ભવન કેમ્પસ, નાનપુરા, સુરત

ફોન/ફેક્સ : ૦૨૬૧-૨૪૬૦૬૯૮

e-mail : d.dirsurat@gmail.com


નં.જિનાનિ/વિ.જા/જાતિ પ્રમાણપત્ર/૨૦૨૨-૨૩/૭૯૪

તા. ૨૫/૦૭/૨૦૨૨

આદેશ:-

વંચાણ (૧) થી સુરત શહેરી વિસ્તારના સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વર્ષ ૨૦૨૨-૨૩માં ધોરણ ૯, ૧૦ અને ધોરણ ૧૨માં અભ્યાસ કરતા વિધાર્થીઓ અને વિધાર્થીનીઓને શાળા મારફત જાતિ પ્રમાણપત્ર આપ્વા બાબતે વિગતવાર પરિપત્ર કરવામા આવેલ છે, જાતિ પ્રમાણપત્ર મેળવવાની ફાઇલો રજુ કરવા જણાવેલ છે. કેમ્પના દિવસે અત્રેની કચેરીના વંચાણ મુજબના પરિપત્રમાં આપેલ સુચનાઓ ધ્યાને લઇને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ ના પ્રમાણપત્ર મેળવવા માટેની ફાઇલો લઇને સબંધિત કર્મચારીને કેમ્પના સ્થળે હાજર રાખવા આચાર્યશ્રીઓને જણાવવામા આવે છે.

| ક્રમ | કેમ્પ સ્થળ | કેમ્પની તારીખ | સમય |
|---|---|---|---|
| ૦૧ | એલ.એમ.બી દાળીયા હાઇસ્કૂલ, ગુજરાત ગેસ કંપની સામે, અડાજણ (એસ.વી.એસ.-૧) | ૨૨/૦૮/૨૦૨૨ | ૧૦:૩૦ થી કામગીરી પુર્ણ થતા સુધી |
| ૦૨ | ગુરુકુળ કુમાર વિધાપીઠ, કાસાનગર, કતારગામ (એસ.વી.એસ.-૨) | ૨૩/૦૮/૨૦૨૨ | ૧૦:૩૦ થી કામગીરી પુર્ણ થતા સુધી |
| ૦૩ | ટી એન્ડ ટી.વી હાઇસ્કૂલ, નાનપુરા, અઠવાલાઇન્સ (એસ.વી.એસ.-૩) | ૨૪/૦૮/૨૦૨૨ | ૧૦:૩૦ થી કામગીરી પુર્ણ થતા સુધી |
| ૦૪ | ગુરુકૃપા વિધાસંકુલ, ઉધના (એસ.વી.એસ.-૪) | ૨૫/૦૮/૨૦૨૨ | ૧૦:૩૦ થી કામગીરી પુર્ણ થતા સુધી |
| ૦૫ | કે.એન્ડ એમ.પી. હાઇસ્કૂલ, અમરોલી (એસ.વી.એસ.-૫) | ૨૬/૦૮/૨૦૨૨ | ૧૦:૩૦ થી કામગીરી પુર્ણ થતા સુધી |
| ૦૬ | એમ.એન.જે.હાઇસ્કૂલ, વરાછા (એસ.વી.એસ.-૬) | ૨૯/૦૮/૨૦૨૨ | ૧૦:૩૦ થી કામગીરી પુર્ણ થતા સુધી |
| ૦૭ | એલ.પી.ડી. હાઇસ્કૂલ, પુણાગામ (એસ.વી.એસ.-૭) | ૩૦/૦૮/૨૦૨૨ | ૧૦:૩૦ થી કામગીરી પુર્ણ થતા સુધી |
| ૦૮ | મહર્ષી આસ્તિક હાઇસ્કૂલ, ગોડાદરા (એસ.વી.એસ.-૮) | ૦૩/૦૯/૨૦૨૨ | ૧૦:૩૦ થી કામગીરી પુર્ણ થતા સુધી |
| ૦૯ | સી.બી.ભંડારી હાઇસ્કૂલ, મગદલ્લા, ચોર્યાસી (એસ.વી.એસ.-૯) | ૦૫/૦૯/૨૦૨૨ | ૧૦:૩૦ થી કામગીરી પુર્ણ થતા સુધી |

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત

જિલ્લા નાયબ નિયામક
(વિકસતી જાતિ) સુરત

નકલ સવિનય રવાના:-

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત તરફ જાણ તેમજ વેબ સાઇટ પર મુકવા અને તમામ શાળાઓને સુચના આપવા સારૂ

આચાર્યશ્રી તમામ સુરત શહેરની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તરફ કેમ્પ મુજબ હાજરી આપવા બાબત

(સ.મુ.વ.)-વાય-૫૩૪૫-૨૦,૦૦૦-૧૨-૨૦૨૧.

(વિના મૂલ્યે)

સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૭-૪-૧૦ના ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૧૦૯/૧૬૬૩/અ.નું

## પરિશિષ્ટ - ૧

## ગુજરાત રાજ્ય

# સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે જાતિ પ્રમાણપત્ર મેળવવા અંગેનું

## અરજી ફોર્મ

પ્રતિ,

જિલ્લા નાયબ નિયામકશ્રી,
વિકસતી જાતિની કચેરી,
નાનપુરા, સુરત.

| ફોટો |
|---|

સરકારશ્રીએ જાહેર કરેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ પૈકી ____________ જાતિમાં મારો સમાવેશ થાય છે. મારે રાજ્ય સરકારે જાહેર કરેલ અનામત નીતિનો તેમજ મળવાપાત્ર અન્ય સહાય/લાભ મેળવવા માટે જાતિ પ્રમાણપત્રની જરૂર છે. મારી વિગતો નીચે મુજબ છે.

૧. અરજદારનું પૂરું નામ : ____________

સરનામું : ____________

____________

____________ મોબાઈલ નંબર: ____________

૨. અરજદારના પિતા/વાલીનું પુરૂ નામ : ____________

૩. અરજદારની માતાનું પૂરું નામ : ____________

૪. અરજદારની જાતિ/પેટા જાતિ : ____________

૫. અરજદારનું વતન ગામ : ____________ તાલુકો : ____________

જિલ્લો : ____________ રાજ્ય : ____________

૬. અરજદારના પિતાનું જન્મ સ્થળ : ____________ મૂળ વતનનું ગામ : ____________

તાલુકો : ____________ જિલ્લો : ____________ રાજ્ય : ____________

૭. બહારના રાજ્યના હોય તો ગુજરાતમાં વસવાટની વિગતો

(મૂળ વતનનું રાજ્ય અને ગુજરાતમાં કેટલા વર્ષથી વસવાટ છે.)

મૂળ વતનનું રાજ્ય : ____________ જિલ્લો : ____________ તાલુકો : ____________

ગામ : ____________ ગુજરાત રાજ્યમાં ____________ વર્ષથી વસવાટ કરૂં છું.

૮. અરજદારના પિતાની જાતિ/પેટા જાતિ અંગેની માહિતી : ____________

૯. જાતિ પ્રમાણપત્ર મેળવવાનો હેતુ : ____________

૧૦. જાતિ પ્રસ્થાપિત કરવાના સમર્થન માટે રજુ કરેલા આધાર/પુરાવા, દસ્તાવેજ વગેરેની પ્રમાણિત નકલોની વિગત :

[ પાછળ જુઓ

૧. ________________________________

૨. ________________________________

૩. ________________________________

૪. ________________________________

૫. ________________________________

## બાંહેધરી

મારી ઉપર મુજબની તમામ વિગતો સાચી છે તેની હું ખાતરી આપુ છું. જે ધ્યાને લઈ મને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનું જાતિ પ્રમાણપત્ર આપવા વિનંતી છે. અમોએ મેળવેલ જાતિ પ્રમાણપત્ર અધિકૃત અધિકારી દ્વારા કોઈપણ સમયે ચકાસણી કરવામાં આવે અને ખોટું સાબિત થાય તો મારો પ્રવેશ/નિમણૂંક કોઇ પણ જાતની જાણ કર્યા સિવાય અથવા નોટીસ આપ્યા સિવાય રદ થવા પાત્ર છે, અને ભારતીય ફોજદારી ધારા હેઠળ ખોટું પ્રમાણપત્ર/વિગતો રજુ કરવા બાબતે જે કાર્યવાહી હાથ ધરવામાં આવે તે મને બંધનકર્તા રહેશે.

સ્થળ :-..................................

અરજદારની પૂરી સહી :-

(નામ) ....................................................

તારીખ :-................................

પિતા/માતા/વાલીની પૂરી સહી :-

(નામ).....................................................

**જાતિ પ્રમાણપત્ર મેળવવા રજુ કરવાના થતા પુરાવા :-**

૧. અરજદાર તેમજ તેમના પિતાનો આધારકાર્ડ/વોટીંગ કાર્ડ, પિતા હયાત ન હોય તેવા કિસ્સામાં પિતાના મરણનો દાખલો

૨. અરજદારના પાસપોર્ટ સાઇઝના ૨ ફોટા (એક સરખા).

૩. જાતિ/પેટા જાતિ બતાવવામાં આવી હોય તેવું અરજદારનું શાળા છોડ્યાનું અસલ પ્રમાણપત્ર અને ઝેરોક્ષ.

૪. જાતિ/પેટા જાતિ સ્પષ્ટ થતી હોય તેવું અરજદારના પિતાનું શાળા છોડ્યાનું અસલ પ્રમાણપત્ર.

૫. અરજીમાં જણાવેલ જાતિ, પેટા જાતિ પ્રસ્થાપિત થઇ શકતી હોય તેવા આધારો જેમાં અરજદારના તા. ૧-૪-૧૯૭૮ પહેલાના કાકા, ફોઇ, દાદાના શાળા છોડ્યાનું પ્રમાણપત્ર કે તે આધાર જેવા જ સાચા સહજ આધાર પુરાવાનું મૂલ્ય ધરાવતા કોઇપણ દસ્તાવેજી આધાર અને અસલ લીવીંગ સર્ટીફીકેટ.

૬. જે તે જિલ્લાના રહેવાસી હોવાના આધાર તરીકે રેશનકાર્ડ, ટેલીફોન બીલ, વેરા બીલ વગેરે કોઇપણ એક.

૭. મુળ ગુજરાત રાજ્યના રહેવાસી ન હોય તેવા અરજદારે ગુજરાત રાજ્યમાં તા. ૧-૪-૧૯૭૮ પહેલાંથી કાયમી વસવાટ ધરાવતા હોવાના દસ્તાવેજ પુરાવાઓ.

૮. જાતિ પ્રસ્થાપિત થતી હોય તેવા દસ્તાવેજી પુરાવા અથવા (Probative Value) ધરાવતા અન્ય કોઇપણ આધાર.

૯. જરૂરી હોય તેવું એફિડેવીટ.

૧૦. સગા કાકા, દાદા, ફોઇ સિવાય પિતરાઇ કાકા, દાદા, ફોઇની LC પ્રમાણપત્ર રજુ કરો તેવા કિસ્સામાં પેઢીનામું.

**ખાસ નોંધ :-** અરજદારને ફોટા સાથે પ્રમાણપત્ર આપવાનું હોવાથી અરજદારે સ્વયં આવવાનું રહેશે.

**ફક્ત કચેરીના ઉપયોગ સારૂ**

| | | | |
|---|---|---|---|
| ૧ | પ્રમાણપત્રના અરજદારનું પુરૂં નામ | : | |
| ૨ | જાતિ / પેટા જાતિ | : | |
| ૩ | પ્રમાણપત્ર આપેલ હોય તો નંબર / તારીખ | : | |
| ૪ | પ્રમાણપત્ર ન આપેલ હોય તો ટુંકમાં કારણ તથા જવાબના પત્ર નંબર / તારીખ | : | |

સક્ષમ અધિકારીનું પુરુ નામ અને હોદો
અધિકારીની સહી અને સિક્કો

તૈયાર કરનાર કર્મચારીનું પુરૂં નામ / પુરી સહી

પરિશિષ્ટ-૫

જાતીનું લિસ્ટ જોવા
અહિયા ક્લિક કરો

સા.શૈ.પ.વ. અને બિન અનામત બન્ને પ્રમાણપત્રોની માહિતી નીચે બતાવ્યા પ્રમાણે અલગ અલગ ફાઇલ તૈયાર કરવી.

શાળાનું નામ- ..............................................સરનામુ ..................................................કામ કરનાર કર્મચારીનો ફોન નંબર ...........................................

| પ્રમાણપત્ર ક્રમાંક | તારીખ | વિદ્યાર્થીનું નામ | અરજદારના પિતાનું નામ અને વિદ્યાર્થીની અટક | સરનામું | જાતિ | વિદ્યાર્થીનું બોનફાઇડ | વિદ્યાર્થીનો જનરલ રજીસ્ટર નંબર | વિદ્યાર્થીના બોનફાઇડ ની તારીખ | વિદ્યાર્થી ના કુંટુંબનો સંબંધ | વિદ્યાર્થીના પિતા/સીધી લીટીના કુંટુંબીનું શાળા છોડયાનું પ્રમાણપત્ર | વિદ્યાર્થી ના સગાનો જનરલ રજીસ્ટર નંબર | વિદ્યાર્થીના સગાનો શાળા છોડીયા ની તારીખ | વિદ્યાર્થીના રજુ કરેલ રહેઠાણ નાપુરાવા | અન્ય પુરાવા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | રમેશ | મગનભાઇ પટેલ | | હિન્દુ કોળી | આર.ડી.કોન્ટ્રાક ટર હાઇસ્કુલ | રપરપ | 27/08/2018 | પિતા | એમ.એમ.પી.હાઇસ્કુલ, રાંદેર, સુરત | રપ/રપ | 01/08/2008 | રેશનકાર્ડ, આધારકાર્ડ | સોગંદનામું- પેઢીનામું જો હોય તો લખવા |

વિદ્યાર્થીનું નામ જી.આર. મુજબ લખવુ.

નોંધ :- ૧. જાતી પ્રમાણપત્ર બનાવતી વખતે જાતી સા.શૈ.પ.વ. ની જાતીની લિસ્ટમાં બતાવ્યા મુજબની જ લખવી.
દા.ત. વિદ્યાથીની જાતી જી.આર.માં  કોળી પટેલ લખેલ હોય તો પ્રમાણપત્રમાં ફક્ત હિન્દુ કોળી જ લખવુ.
૨. જાતી પ્રમાણપત્ર બનાવતી વખતે પ્રમાણપત્રમાં **પ્રમાણપત્ર ક્રમાંક** અને **તારીખ** ખાલી રાખવી.
૩.વિદ્યાથીની તમામ વિગત excel શીટ ની એક્જ લાઇન (ROW) માં ફરજીયાત હોવી જોઇએ.
દાત. ઉપર નમુનામાં પીળા રંગમાં દર્શાવેલી માહિતી 1 (ROW) માં છે.
૪. એક કરતા વધુ ROW માં માહિતી ચાલશે નહી. જો કોઇ બાબતે સમજ ન પડે તો કચેરીનો સંપર્ક કરવો.
૫. માહિતી USB disk, PenDrive માં excel ની ફાઇલમાં લાવવી અને જે ફોન્ટમાં માહિતી હોય તે ફોન્ટ સાથે લાવવાં.
૬. ફાઇલ આપવા માટે જાણકાર કર્મચારીએ માહિતી સાથે રૂબરૂ આવવું.
૭ તમામ વિગતો શ્રુતિ ફોન્ટ માજ તૈયાર કરવી.

# પરિશિષ્ટ-૩

| સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિઓની યાદી | |
|---|---|
| ૧ | આગ્રી |
| ૨ | આહીર, આયર-બોરીચા, આહિર સોરઠીયા, આહિર મચ્છોયા, આહિર પંચોળી, આહિર નઘેરા, આહિર વણાર, આહિર બોરીચા, આહિર વાગડીયા, આહિર ભંગુર, આહિર હરકટ, આહિર કાંબળીયા, આહિર મોલ, આહિર પરાથરીયા. |
| ૨-અ. | યાદવ |
| ૩ | બારોટ, વહીવંચા, ચારણ-ગઢવી |
| ૪ | બાફણ (મુસ્લિમ) |
| ૫ | (બાવચા) હવે અનુસુચિત જનજાતિમાં સમાવેશ કરાયેલ છે |
| ૬ | બાવરી અથવા બાઓરી |
| ૭ | બાવા, અતીત બાવા, ગૌસ્વામી, વૈરાગી-બાવા, ગોસાઇ, દશનામ ગોસ્વામી, રામાનંદી બાવા/ રામાનંદી સાધુ, પુરી, ભારતી, કાપડી, નાથબાવા, ભરથરી, માર્ગી, ગંગાજલીઆ, દશનામી બાવા, ગિરી. |
| ૮ | ભાલીઆ |
| ૯ | ભામટા, પરદેશી ભામટા |
| ૧૦ | ભરવાડ, મોટાભાઇ ભરવાડ, નાનાભાઇ ભરવાડ, કબારી, બારીયા, મોટાભાઇ, ચોસલા, જનપદા (જયાં તેઓ આદિવાસી ન હોય) |
| ૧૧ | (ભીલ) હવે અનુસુચિત જનજાતિમાં સમાવેશ કરાયેલ છે |
| ૧૨ | ભોઇ, ભોઇરાજ, ઢીમર, ઝીંગાભોઇ, કેવટ ભોઇ, ભાનારા ભોઇ, મછિન્દ્રભોઇ, પાલેવાર ભોઇ, કિરાતભોઇ, કહાર ભોઇ, પરદેશીભોઇ, શ્રીમાળી ભોઇ. |
| ૧૩ | ચારણ ગઢવી |
| ૧૩-અ. | ભાટ |
| ૧૪ | છારા, આડોડીયા, સાંસી |
| ૧૫ | ચુનારા |
| ૧૬ | ચુંવાળીયા કોળી |
| ૧૭ | ડબગર |
| ૧૮ | દિવેચા કોળી |
| ૧૯ | ડફેર (હિન્દુ અને મુસ્લિમ) |
| ૨૦ | ધોબી |
| ૨૧ | ફકીર (મુસ્લિમ) |
| ૨૨ | ગધઇ (મુસ્લિમ) |
| ૨૩ | ગાડલીઆ અથવા ગાડી લુહારીઆ |
| ૨૩-અ. | લુહારીયા/લુવારીયા |
| ૨૪ | ગળીઆરા (મુસ્લિમ) |
| ૨૫ | ઘાંચી (મુસ્લિમ) |
| ૨૫-અ. | તેલી, મોઢ ઘાંચી |
| ૨૬ | ઘેડીયા કોળી |
| ૨૭ | ગોલા-રાણા |

| | |
|---|---|
| ૨૮ | હિંગોરા (મુસ્લિમ) |
| ૨૮-અ. | હિંગોરા (હિન્દુ) |
| ૨૯ | જુલાયા, ગરાણા, તરીયા અને તરી (બધા મુસ્લિમ) |
| ૨૯-અ. | જિલાયા (મુસ્લિમ) |
| ૨૯-બ. | તરીયા, તાઇ, તરીયા-તાઇ, તુરીયા (બધા મુસ્લિમ) |
| ૩૦ | જત (મુસ્લિમ) |
| ૩૧ | કૈકાડી |
| ૩૨ | કાંબડીઆ ભગત |
| ૩૩ | કાંગસીઆ |
| ૩૪ | ખાટકી અથવા કસાઇ, ચામડીયા ખાટકી, હાલારી ખાટકી (બધા મુસ્લિમ) |
| ૩૫ | ખટીક |
| ૩૬ | ખાંટ |
| ૩૭ | ખારવા-ભાડેલા |
| ૩૮ | ખ્રિસ્તી, ગુજરાતી ક્રિશ્ચયન, (ફકત અનુસૂચિત જાતિમાંથી ધર્મ પરિવર્તન કરનાર) |
| ૩૯ | કોળી, ઇડરીયા કોળી, ખારવા કોળી, રાઠવા કોળી, બારીયા કોળી, ઢેબરીયા કોળી. |
| ૩૯-અ. | કોળી મલ્હાર, કોળી મહાદેવ અથવા ડોંગર કોલી (જયાં આદિવાસી ન હોય) |
| ૪૦ | લબાના, મહેરાવત, ગોટી, હડકશી, ઝોડ, ઢીંગા, પેલ્યા, શાતબે, બામણ |
| ૪૧ | લોધા |
| ૪૨ | મીર, ઢાઢી, મિરાસી, લંઘા (બધા મુસ્લિમ) |
| ૪૩ | માછી (હિન્દુ) ખારવા, ખલાસ, ઢીમર, ઢીવર, મિતના, ટંડેલ, માંગેલા, ખલાસી, સારંગ, કહાર. |
| ૪૪ | મદારી, નાથ, ભરથરી |
| ૪૫ | માજોઠી કુંભાર,માજોઠી, કુંભાર, દરબાન અથવા દરબાન માજોઠી (બધા મુસ્લિમ) |
| ૪૬ | મકરાણી (મુસ્લિમ) |
| ૪૭ | મતવા અથવા મતવા કુરેશી (મુસ્લિમ) ગવલી (હિન્દુ) |
| ૪૮ | મે., મેતા |
| ૪૯ | મેણા (ભીલ) |
| ૫૦ | મેર |
| ૫૧ | મિયાણા (મુસ્લિમ) |
| ૫૧ અ. | મિઆણા, મિયાણા (હિન્દુ) |
| ૫૨ | મોચી, જણસાલી, સિવણીયા, મ્યાનંગર ,જિનગર ,દસાણીઆ, ચામડીયા, ભરતભરા, ચાંદલીયા સોનારી, આરીભરતભરા (ડાંગ જિલ્લો અને વલસાડ જિલ્લાના ઉંમરગામ તાલુકા સિવાય) |
| ૫૩ | નટ, બજાણીયા, બાજીગર, નટડા |
| ૫૪ | ઓડ |
| ૫૫ | (પઢાર) હવે અનુસુચિત જનજાતિમાં સમાંવેશ કરાયેલ છે |
| ૫૬ | પદ્મશાલી-પટ્ટુશાલી |
| ૫૭ | પિંજારા, ઘાંચી-પિંજારા, મન્સુરી-પિંજારા (બધા મુસ્લિમ) |
| ૫૭-અ. | મનસારી (મુસ્લિમ) |
| ૫૮ | રબારી, ભોપા, કોડીઆતર, સોરઠીયા રબારી, ચંપ્પા |
| ૫૮-અ. | ચારલીયા, ચરમટા, લુણી, કુશાર, ટાંક, મુચ્છલ, કડીયા કુંભાર (જયાં તેઓઆદિવાસી ન હોય) |
| ૫૯ | રાઠોડીયા |
| ૬૦ | રાવળ, રાવળીયા, જતી અથવા રાવળયોગી, જાગરીયા |
| ૬૦-અ. | પડાત, રાવર, રાવલીયા |
| ૬૧ | સલાટ (સોમપુરા સલાટ સિવાયના) સલાટ ઘેરા |
| ૬૨ | સંધી (મુસ્લિમ) |

| | |
|---|---|
| ૬૨ અ. | સંધી (હિન્દુ) |
| ૬૩ | સરાણીયા |
| ૬૪ | સરગરા |
| ૬૫ | શ્રવણ, સરવણ |
| ૬૬ | શિકલીગર |
| ૬૭ | સિદ્દી |
| ૬૮ | સિપાઇ, પટણી જમાત અથવા તુર્ક જમાત (બધા મુસ્લિમ) |
| ૬૯ | તળપદા કોળી/ તરબદા કોળી |
| ૭૦ | તનકર |
| ૭૧ | તરગાળા, ભવૈયા, નાયક, ભોજક |
| ૭૨ | ઠાકરડા, ઠાકોર, પાટણવાડીયા, ધારાળા, બારૈયા, બારીયા |
| ૭૨-અ | પાલનવાડીઆ |
| ૭૩ | ઠેબા (મુસ્લિમ) |
| ૭૪ | વાદી |
| ૭૪-અ. | જોગીવાદી |
| ૭૫ | હરીજન વણકર અને ચમારના વહીવંચા ચારણ-ગઢવી |
| ૭૬ | વાળંદ, નાયી અને બાબર (હિન્દુ), હજામ (હિન્દુ તથા મુસ્લિમ), ખલીફા (મુસ્લિમ) |
| ૭૬-અ. | વાલે (હિન્દુ) |
| ૭૭ | વણકર-સાધુ |
| ૭૮ | વાંસફોડા, વાંસફોડીઆ અથવા વાંઝા |
| ૭૮-અ. | વાંઝા (મૂળ સૌરાષ્ટ્રના વતની હોય) |
| ૭૯ | વણજારા, શિનાગવાળા અને કાંગસીવાલા (હિન્દુ) અને ફકત ડાંગ જિલ્લાના વણજારા (મુસ્લિમ) |
| ૭૯-અ. | વણઝારા, ચારણ વણઝારા, મથુરા વણઝારા, મારૂ વણઝારા, ભગોરાવણઝારા, બાગોરા વણઝારા, કાંગસીયા વણઝારા, બામણીયા વણઝારા, લાડોનીયા વણઝારા, લદણિયા વણઝારા, ગવારિયા, ગાવરીયા અથવા ગાવલીયા રોહિદાસ વણઝારા, ગાવલીયા, રોહિદાસ વણઝારા |
| ૮૦ | વાઘરી, દાતણીયા વાઘરી, વેડુવાઘરી, તળપદા વાઘરી, ગામચિયા વાઘરી, ગોદડીયા વાઘરી, |
| ૮૦-અ. | વાઘરી ગમીચો, વાઘરી ધામેચા, વેડવા ચુરાલીયા, જખ્ખુડીયા (જયાં તેઓ અનુસૂચિત જનજાતિના ન હોય) |
| ૮૦-બ. | વેડવા વાઘરી/વેળવા વાઘરી. |
| ૮૧ | વાઘેર (હિન્દુ અને મુસ્લિમ) |
| ૮૨ | વાંઢારા |
| ૮૩ | આરબ |
| ૮૪ | ભાંડ |
| ૮૫ | બુરૂડ |
| ૮૬ | ચક્રવદયા દસાર |
| ૮૭ | ચૌધરી/હિન્દુ આંજણા ચૌધરી (જયાં તેઓ આદિવાસી ન હોય) આંજણા, આંજણા પટેલ, આંજણા પાટીદાર, આંજણા દેસાઇ, આંજણા કણબી, ચૌધરી પટેલ, ચૌધરી પાટીદાર |
| ૮૮ | ચામઠા |
| ૮૯ | ડકાલેરૂ |
| ૯૦ | દેપાળા |
| ૯૧ | ઘંટીયા |
| ૯૨ | ધાંચા |

| | |
|---|---|
| ૯૩ | ગલકન્દ્રા |
| ૯૪ | ગવલી (તા.૪/૨/૨૦૦૯ ના ઠરાવથી રદ કરેલ છે.) |
| ૯૫ | હાટી |
| ૯૬ | જાચક |
| ૯૭ | કલહોડીયા |
| ૯૮ | કોટવાળ |
| ૯૯ | કુંભાર, કુંભાર (બોયાર, કદરા પટેલ, લાઠીયા, પોટમેકર, પ્રજાપતિ, વરીયા, વરીઆ) સોરઠીયા કુંભાર, ગુર્જર કુંભાર, વાટલીયા કુંભાર, પ્રજાપતિ, સોરઠીયા પ્રજાપતિ, ગુર્જર પ્રજાપતિ, વાટલીયા પ્રજાપતિ, ગુજ્જર ક્ષત્રીય કડીયા, કડીયા કુંભાર, ક્ષત્રીય કડીયા, કડીયા. |
| ૧૦૦ | ખરક |
| ૧૦૧ | ખવાસ |
| ૧૦૨ | કારડીયા-નાડોદા, કારડીયા, નાડોદા, ભાથી રાજપૂત, કારડિયા રાજપૂત, નાડોદા રાજપૂત |
| ૧૦૩ | ખસિયા |
| ૧૦૪ | મિસ્ત્રી, ગુજર મિસ્ત્રી રાઠોડ, મિસ્ત્રી સુથાર, સુથાર, સુતાર, સુથાર ગુજંર, ગજ્જર સુથાર, ગુજંર, મિસ્ત્રી સુતાર, લુહાર, પંચાલ, કડીયા, સુથાર. |
| ૧૦૫ | મુંડા |
| ૧૦૬ | માધવીયા |
| ૧૦૭ | માળી/માળી રામી, મારવાડી માળી |
| ૧૦૮ | મૈયા/મહીયા |
| ૧૦૯ | પાલવાડીયા |
| ૧૧૦ | પઢારીયા |
| ૧૧૧ | પખાલી |
| ૧૧૨ | સંધેડા |
| ૧૧૩ | શીંગદવ અથવા શીંગડીયા |
| ૧૧૪ | સોચી |
| ૧૧૫ | સુમરા (મુસ્લિમ) |
| ૧૧૬ | સગર |
| ૧૧૭ | સથવારા, સતવારા, કડીયા-સથવારા, કડીયા સતવારા, દલવાડી અથવા કડીયા |
| ૧૧૮ | ઠાકુર (બિન રાજપૂત) |
| ૧૧૯ | ટીમાલી |
| ૧૨૦ | તરક (મુસ્લિમ) |
| ૧૨૧ | વજીર |
| ૧૨૨ | કાઠી |
| ૧૨૩ | લખારા, લખવારા, લક્ષકાર |
| ૧૨૪ | કલાલ (મુસ્લિમ) |
| ૧૨૫ | જાગરી |
| ૧૨૬ | જોગી |
| ૧૨૭ | ભવૈયા (મુસ્લિમ) |
| ૧૨૮ | નિઝામા (હિન્દુ) |
| ૧૨૯ | ગડરીયા |

| | |
|---|---|
| ૧૩૦ | કમાલિયા-પુજારા |
| ૧૩૧ | ગારી |
| ૧૩૨ | સોરઠી |
| ૧૩૩ | કામળી |
| ૧૩૪ | તંબોળી |
| ૧૩૫ | ગરવી |
| ૧૩૬ | ગુરવ |
| ૧૩૭ | કલાલ (હિન્દુ) |
| ૧૩૮ | સંધાર (હિન્દુ) |
| ૧૩૯ | નગારચી |
| ૧૪૦ | કાયસ્થ (પંચશ્રી ધ્વારા સર્વે કરાયેલ) |
| ૧૪૧ | ગાંધર્વ(હિન્દુ) |
| ૧૪૨ | દરજી |
| ૧૪૩ | ભંડારી |
| ૧૪૪ | કાઠી રાજગોર, આહિરના ગોર એટલે પરજિયા રાજગોર |
| ૧૪૫ | કુરુહીન શેટ્ટી |
| ૧૪૬ | હજુરી (રાજપૂત) |